

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*વીજ થાંભલે, ઝાડ-ઝાંખરે, વગડે લટકે છે!*
*આભની સત્તાથી કપાયેલા પતંગ ભટકે છે!*
*ખટકે છે હવે કોઈનાં ગાડી-બગલાંને માભો*
*પૂછે ન કોઈ એને, ને 'માજી' કહો તો વટકે છે!!*
*(ઉતર્યો અમલદાર 'કોડી'નો...)*

#### હાઈકુ

*આવે ન કામ,*
*હવે કોઈ થીગડાં -*
*કટી પતંગ...*

*થયા બેહાલ!*
*જે ચગ્યા'તા - છે હવે,*
*ચીંથરેહાલ!!*

### ચિંતન

***એષાં બુદ્ધિમતાં બુદ્ધિ: મનીષા ચ મનીષિણામ્ ।***
***યત્ સત્યમનૃતેનેહ મર્ત્યેનાપ્નોતિ માઙમૃતમ્ ॥***

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**આપણા મનુષ્ય જન્મને અત્યંત દુર્લભ માનતા કહેવામાં આવ્યું છે કે મનુષ્યજન્મ અતિદુર્લભ છે. દેવતાઓ પણ મનુષ્ય જન્મને પ્રાપ્ત કરવા માટે ઝંખના કરતા હોય છે. દેવોની યોની માત્ર ભોગ યોનિ છે, જેને કારણે દેવતાઓ પણ તેનો પુણ્યકાળ પૂરો થયા પછી ફરી જન્મ લેવો પડતો હોય છે. જયારે મનુષ્ય યોનિ એ કર્મયોનિ છે. પોતાના કર્મો દ્વારા તે ચાર પ્રકારના પુરુષાર્થોને પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે મનુષ્ય શરીર 'અનિત્યમપિ ઈહ અર્થદમ્' એટલે કે તે અનિત્ય હોવા છતાં અર્થને આપવાવાળું છે. આ અર્થ એટલે ધર્મ, અર્થ કામ અને મોક્ષ.**

**અર્થ અને કામ તો આપણને પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થતાં હોય છે. આપણો જે પરમ પુરુષાર્થ મોક્ષ છે તેની પ્રાપ્તિ ધર્મ દ્વારા સિદ્ધ થઈ શકે છે. એટલા માટે ધર્મને મોક્ષ પ્રાપ્તિનું સાધન માનવામાં આવ્યું છે. અને આ ધર્મ કે બુદ્ધિ જ આપણને બીજા પ્રાણીઓથી જુદા પાડે છે.**

### સુવિચાર

- વહી મહફુઝ રખ્ખેગા મેરે ઘર કો બલાઓં સે...
  જો બારીશ મેં સજર સે ઘોંસલે ગિરને નહીં દેતા... - **પિરઝાદા કાસીમ**
- ઉંમર થાય તો ભલે થાય, મનથી આઘું ઘડપણ રાખવું,
  જીવવાની આવશે તો મજા, મનમાં એકાદ વળગણ રાખવું - **જીવન પાથેય**
- હું ઈશ્વરમાં નથી માનતો, હું લોકોમાં માનું છું કે જેઓ ઈશ્વરમાં માને છે - **રામાનુજન**
- સમયને આંબવા માટે દોડાદોડી કરતો માણસ છેવટે ફાંસીને મૃત્યુ પામે છે
  પરિણામે જીવતરનો સમય માણવાનું એ ચૂકી જાય છે - **કાન્તિ ભટ્ટ**
- 'શિક્ષણ' અને 'સાહિત્ય' એ તો સમાજની બે આંખો છે - **મનુભાઈ પંચોળી**
- સફળ વ્યક્તિની ચમકથી જ લોકોને મતલબ હોય છે,
  તેણે કેટલા અંધારા જોયા છે તે કોઈ નથી જાણતું - **રોહિત શાહ**
- આજનું ઔષધ : જાંબુના લીલા પાન ચાવી ચાવીને ખાવાથી મુખના ચાંદામાં તથા પાંચનમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈટાલીનો એક પાદરી હતો. તે કાયમ હસતો હહેતો. તેને ગાળ આપો, મારો, ધક્કો ચડાવે તો પણ.

એકવાર રવિસભામાં કોઈએ પૂછ્યું, 'પાદરી મહાશય, આપમાં આવી સહનશીલતા કેવી રીતે આવી?' પાદરીએ જવાબમાં કહ્યું, 'ભાઈ, હું આકાશ તરફ ઊંચે જોઉં છું તો મને વિચાર આવે છે કે મારે પણ મર્યા બાદ ત્યાં જવાનું છે. અહીં તો રહેવાનું થી, તો પછી સારા સંબંધ રાખીને જ જાઉં ને!! નીચે જોઉં છું તો વિચાર આવે છે કે મને સુવા, ઊઠવા, બેસવા કેટલી જમીન જોઈએ. તો મિલ્કત મેળવીન શું કરું? આજુબાજુ, જયાં પણ નજર કરું છું ત્યાં દુ:ખી લોકો જ દેખાય છે, વિચાર આવે છે કે તેમાં મારો વધારો કરીને ઉપયોગ શો? દુ:ખ આવી પડતા વિચાર આવે છે કે ચીડાઈને, રોઈને કે ગુસ્સો થઈને તે ઓછું થવાનું તો નથી, તો પછી શાંતિ અને ધીરજથી તેમાંથી પસાર ન થઈ જાઉં?

આમ મને સાચી સમજણ ચારે તરફથી મળે છે અને તેથી હું શાંતિ અને પ્રસન્ન રહી શકું છું.'

# કોરોનાકાળમાં પણ વણથંભી વિકાસકૂચ

**તંત્રીસ્થાનેથી...**

દુનિયા આખી કોરોના સંક્રમણથી ભયભીત થઈને થરથરે છે ત્યારે ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતનાં મુખ્યમંત્રી વિજય રુપાણી રોજેરોજ કોઈને કોઈ નવીન પ્રોજેક્ટનું લોકાર્પણ કે ભૂમિપૂજન કરતા રહે છે. ભલે એ પ્રત્યક્ષ ન થતાં હોય અને વીડિયો કોન્ફરન્સ દ્વારા આખો ઉપક્રમ આટોપાતો હોય પણ વિકાસની વણથંભી કૂચ અટકતી નથી તે કોઈ નાની-સૂની ઉપલબ્દિ નથી. વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ સમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વના સૌથી મોટા પ્રવાસન ધામ તરીકેની પ્રતિષ્ઠા સાંપડી રહી છે. ભારતની એકતા અને અખંડિતતાના પ્રહરી દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન લોકપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં સરદાર સરોવર, કેવડિયા ખાતે ઊભી કરાયેલી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનાં દર્શન કરવા અને અદ્યતન પ્રવાસનધામ તરીકે વિકસાવાયેલ આદિવાસી પંથકની સહેલગાહે આવનાર મુલાકાતીઓનો ધસારો ભીષણ કોરોનાકાળ દરમિયાન પણ ચાલુ રહ્યો છે. અમેરિકાની સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુલાકાતીઓની સંખ્યા વધારે નોંધાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયા જેવા અંતરિયાળ આદિવાસી ગામને દેશનાં પ્રમુખ મહાનગરો અને છ રાજયો સાથે જોડતી આઠ વિશિષ્ટ ટ્રેનોને લીલીઝંડી આપી છે. એ જ રીતે ગુજરાતમાં મોડી મોડી શરૂ થયેલ મેટ્રોરેલને પણ આગળ ધપાવી છે. મોટેરાથી ગાંધીનગર સ્થિર મહાત્મા મંદિર સુધીના મેટ્રોરેલ-૨નો પ્રારંભ અને સુરત મેટ્રોરેલના ભૂમિ પૂજન સાથે વિકાસની નવી ક્ષિતિજો ખૂલી રહી છે. વડાપ્રધાને પોતે સ્વયંસેવક તબક્કા દરમિયાન નેરોગેજ રેલવે પ્રવાસ કર્યો હોવાની સ્મૃતિ વાગોળીને અત્યારે એ રેલવે ટ્રેકનું બ્રોડગ્રેજમાં રૂપાંતર કર્યાની માહિતી આપી અને ડભોઈ - ચાંદોલને તથા વડોદરાની ભાગોળ સમા પ્રતાપનગરને પણ કેવડિયા સાથે સાંકળતી મેમુ ટ્રેનોની ભેટ આપીને પ્રવાસન ક્ષેત્રે એક નવું પ્રકરણ ઉમેર્યું છે. ગુજરાત પાસે ૧૬૦૦ કિ.મી. લાંબો દેશનો સૌથી દીર્ઘ દરિયા કિનારો છે. વળી એમાં સોમનાથ, દ્વારકા અને અંબાજી તથા પાવાગઢ, અને અક્ષરધામ જેવાં તીર્થધામો છે. રાણકી વાવ અને અડાલજની વાવ જેવાં સ્થાપત્યો છે. ચાંપાનેર, વડનગર, પાટણ, પોળો કે જૂનાગઢ અને પોરબંદર જેવાં ઐતિહાસિક નગરો છે. આ તમામના ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભોને ઉજાગર કરવામાં આવે તો દેશનાં અન્ય રાજયો જેટલી જ અહીં પ્રવાસનની બહોળી શક્યતાઓ પડેલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના સ્વયંસેવક તબક્કા દરમિયાન આ બધું નજરોનજર જોયું. એમના જન્મસ્થળ વડનગરના ભવ્ય ભૂતકાળને ધરતી નીચે ધરબાયેલો નિહાળ્યો. જેવી જાહેરજીવનમાં સક્રિય થવાની તક મળી કે તરત એમણે રાજકારણની લગોલગ આ વીસરાયેલી વિરાસતને ઉજાગર કરવાની કોશિશ કરી. વિશ્વના કોઈ પણ મહાનત્તમ નેતાની સરખામણીએ મૂઠી ઊંચેરા એવા સરદાર પટેલ એક યા બીજા કારણોસર હાંસિયે ધકેલાઈ ગયા હતા. ભારતીય જનતા પાર્ટીએ એ મહાન રાષ્ટ્રભક્તને છાજે એવું સમ્માન અર્પવાનો દૃઢ સંકલ્પ કર્યો. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિમિત્તે જ સરદાર સરોવર અને કેવડિયા વિશ્વનાં પ્રવાસનધામોમાં સામેલ થઈ શક્યાં છે એ તો મોદીના ટીકાકારોએ પણ કબૂલવું જ રહ્યું. દરમિયાન દેશભરના લોકોને પોતાની હોમલેન્ડ - ગુજરાત સાથે સાંકળતી પરિવહન સેવાઓ શરૂ કરાવી વડાપ્રધાને સાચા અર્થમાં ગુજરાતના પનોતા પુત્ર તરીકે માતૃભૂમિ અને જન્મભૂમિનું ઋણ અદા કર્યું છે.

# જીવતરના તોફાન ખાળી રહ્યો છું, ફક્ત એના મોઘમ ઈશારે ઈશારે...



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'નવા વર્ષ નિમિત્તે કોઈ સરસ મંત્ર-મેસેજ કે કવિતાનું સ્મરણ કરવાનું થાય તો તમે શેનું સ્મરણ કરો...?' ૨૦૨૧ના આરંભે એક ઉદ્યોગપતિ મિત્રને સહજભાવે પૂછ્યું તો તેમણે કહ્યું કે 'વર્ષો પહેલાં કયાંક-કયારેક સાંભળેલો મરીઝ સાહેબનો એક શૅર મને જીવવાનું બળ આપે છે, હું યાદ કરું તો એ શૅર યાદ આવે અને એ રીતે જીવવાની મારી કોશિશ હશે.' આમ કહીને તેમણે જે શૅર કહ્યો તે પ્રસિદ્ધ શૅર આ રહ્યો.

બસ એટલી સમજ મને
પરવર દિગાર દે,
સુખ જયારે જયાં મળે ત્યાં
બધાના વિચાર દે....

મરીઝ... ગુજરાતી ગઝલ સૃષ્ટિનું ગૌરવશાળી નામ. મરીઝ... જીવાતા જીવનના ધબકારાને, માનવ મનના સંવેદનોને કલમ થતી એમની ગઝલોમાં વાચા આપનાર એક સમર્થ ગઝલકાર...

મૂળ નામ અબ્બાસ અબ્દુલ અલી વાસી, જન્મ તારીખ ૨૨ જાન્યુઆરી, ૧૯૧૭... અભ્યાસ છોડીને રોજગારી તરફ વળ્યા... કવિતામાં ખુબ રસ પડે, પત્રકારત્વમાં જોડાયા... ૧૪ વર્ષની ઉંમરે પ્રથમ સાહિત્ય સર્જન કર્યું. સુરતમાં જયાં કિઓ એકત્રિત થતા ત્યાં ઝાપા બજાર તેઓ જતા.

એમને મળ્યા અમીન આઝાદ જેઓએ તેમને મરીઝ ઉપનામ આપ્યું. મુંબીના નિવાસ દરમિયાન કેટલાંક અખબારો - મેગેઝીનોમાં કામ કર્યું. મિત્ર અસીમ રાંદેરીએ પ્રથમ આકાશવાણીના મુશાયરામાં તેમને તક આપી ૧૯૩૬માં. લગ્ન થયાં પછી તેઓ ૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળવમાં પણ જોડાયા હતા. 'આગમન' પુસ્તકમાં તેઓ લખે છે, મિત્ર મળે છે અને નથી મળતા, મિત્ર નથી મળતા અને મળે છે, મૈત્રી માટે માટે લાંબી કે ટૂંકી મુદતની, સમાન સ્વભાવ કે સ્થિતિની જરૂર ખરી? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે મૈત્રી માટે માણસ વચ્ચે નિખાલસ મિલન એ જ મૂળભૂત જણસ છે, બાકી બધા ઉપાદાન.'

ગઝલ સમ્રાટ શયદા, આસીમ રાંદેરી અને બદરી કાચવાલાએ એમને ખુબ પ્રોત્સાહન આપ્યું. આગળ જતાં બેફામ, સૈફ, શૂન્ય અને ઘાયલ જેવા શાયરોના નિકટના પરિચયમાં મરીઝ આવતા ગયા, એ સહુએ એમની ગઝલોના આગળ લાવવામાં મહત્તવનું પ્રદાન કર્યું.

પ્રેમ વિશે મરીઝની ગઝલોમાં એકાદ-બે શૅરનું સ્મરણ થાય.

એકાદ હો તો એને
છુપાવી શકું મરીઝ,
આ પ્રેમ છે એના
પુરાવા હજાર છે.

બીજી ગઝલમાં લખ્યું છે...

પ્રેમમાં ખેંચાણ છે
આવી ગઈ શ્રદ્ધા મને,
એ હવે કહેવાને આવે છે કે
ભૂલી જા મને....

મરીઝની ગઝલો ગુજરાતી ગાયકોએ કમ્પોઝ કરીને ગાઈને ખુબ લોકપ્રિય કરી છે, એમાંની જ એક ગઝલ...

જીવતરના તોફાન ખાળી રહ્યો છું
ફક્ત એના મોઘમ ઈશારે ઈશારે,
ગમે ત્યાં હું ડૂબું ગમે ત્યાં હું નીકળું
છે મારી પ્રતિક્ષા કિનારે કિનારે

તો બેગમ અખ્તરે ગાયેલી ગઝલના અદ્ભૂત શૅર આ રહ્યા...

મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે
કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે

છે સ્ખલન બેત્રણ પ્રસંગોમાં
મને પણ છે કબૂલ,
કોણ જાણે કેમ
આખી જિંદગી બદનામ છે
જિંદગીના રસને પીવામાં
કરો જલદી મરીઝ.
એક તો ઓછી મદીરા છે, ને ગમતું જામ છે.

મરીઝનું સાહજિક સ્મરણ થયું અને એમના જીવન કવનની વાતો - શૅર સાથે અહીં લખાઈ ગઈ. સામાન્ય માણસ પણ આવી જ લાગણી-સંવેદના અનુભવતો હોય છે, શાયર પાસે એ ક્ષમતા છે કે સીદા સાદા અનુભવમાંથી એ જોરદાર - અસરદાર - કવિતા - ગીત કે ગઝલનું સર્જન કરતો હોય છે.

આ શબ્દો આપી જાય છે એક ઝબકાર... એક પ્રકાશ અને આપણી આસપાસ રેલાય છે શબ્દના અજવાળા.

# કોરું સત્ય અને શુદ્ધ ઘી હવે આપણાં મન અને શરીરને માફક આવતાં નથી



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

**આપણે હંમેશ એ માન્યુ હતું,**
**કે બદલવું શક્ય રાતો રાતઃ**
**ને જરા ઓઢી લીધો ચહેરો જુદો**
**ને પુરાણી લાગણી કોરે મૂકી,**
**વસવસો જેનો હતો એ સૌ વિસારી લ્યો,**
**નવા પાને નવેસરથી ઘૂંટ્યો આ એકડો,**
**પણ રહે એવું હજું, કોઈ છલના તણું જ્યાં ના ગજું..**
**ધારો,**
**તમે આંખો સાવ કાળા ચશ્મા વડે,**
**ને જરા જુદો ચડાવ્યો વેશ,**
**ચાલ પણ એવી દીધી બદલી કે કળે ન કોઈ,**
**ને છતાંયે કોઈ તો એવું**
**છેતરાતું ના કદી આચ્છાદનોથી,**
**કે નવા લહેકાથી માંડો વાત,તો ના ભોળવાતું**
**જો અજાણ્યા હોય તો,**
**અળગા ખસેડી ચાલીએ**
**જે પરંતુ ના બદલાતા કોઈ દી**
**કોઈ છુપાઈ શક્યું છે આ બધાથી, કહો કદી?**

**- એલિઝાબેથ જેનિંગ્સ**

'સાંચ ને આંચ નહીં' ,'સત્યમેવ જયતે' આવા સૂત્રો સ્કૂલની દિવાલો પર લખેલા જોવા મળે છે, સરકારી કચેરીઓની દિવાલો પર રક્ત-પ્રવાહીનાં છાંટણાંની જેમ જ ફેકાયેલાં જોવા મળે છે. ઈમાનદારી, ઉદારતા, સચ્ચાઈ, કર્તવ્ય પરાયણતા, અનુશાસન, ભલમનસાઈ... આ બધું બોગસ છે. શાળામાં બાળકને નિબંધ લખાવતી વખતે આવા શબ્દો મહામહેનતે યાદ કરીને, લખાણને અલંકૃત કરવા માટે લખાવવા પડે છે,માટે લખાવીએ છીએ.નિખાલસતા સભર ચહેરાને ઉતરડી નાખનારો સમાજ અને તેની સ્વાર્થી રીત-રસમો નક્કી કરનારા લંપટો ઉપર જણાવેલા મૂલ્યયુક્ત વ્યવહાર પ્રમાણે ચાલનારને ધક્કે ચડાવે છે.૧૦૦ ટકા શુદ્ધ હવે પચતું નથી. એ પછી તેલ-ઘી હોય કે ઈમાનદારી-સચ્ચાઈ હોય. બધું ભેળસેળ યુક્ત હોય તો જ પચે છે. કોરું સત્ય અને શુદ્ધ ઘી હવે આપણાં મન અને શરીરને માફક આવતાં નથી.

નાના હતાં ત્યારે પ્રામાણિકતાની જે વ્યાખ્યા ભણ્યા હતા,સમજ્યાં હતા, તે ઉંમરના મધ્યાંતરે બદલાતી લાગે છે.લાગે છે શું... બદલાઈ જ ગઈ છે. સમય બદલાયો છે, એમ બૂમો મારીએ છીએ પરંતુ 'સમય નથી પસાર થતો આપણે પસાર થઈ જઈએ છીએ. તે અમિટ સત્ય આપણે ભૂલી જઈએ છીએ.છાશવારે એવું કહેતા રહીએ છીએ કે સમાજ બદલાઈ ગયો છે,પરંતુ સમાજ આપણા થકી જ બનતો હોય છે,તે પાછું વિસ્મરી જઈએ છીએ.

બાળપણમાં આપણને પપ્પાએ પરીક્ષામાં ખંતથી જેટલું આવડે એટલું મન દઈને લખવાની સલાહ આપી હોય છે, તે પછી આપણે જ્યારે અત્યારે પિતાની ભૂમિકામાં આવીએ ત્યારે આપણા સંતાનને કહીએ છીએ કે ''બેટા યેનકેન પ્રકારેણ મેરીટમાં આવવાનું છે.વાક્યરચનાઓ બદલાય છે,અને કહેવાનો છૂપો ભાવાર્થ શું થાય તે આપણે સહુ જાણીએ છીએ. આ બધુ સ્વાભાવિક થઈ ગયું છે. કોઈને છેતરી લીધા પછી જો સાંગોપાંગ આબાદ છટકી જઈએ તો તે કુશળતામાં ખપે છે. કેમેરાની નજરે ચડ્યા વિના, વગર હેલ્મેટે ઘરે આવી જવું એ હોંશિયારી છે. રખેને એવું સમજતા કે જે પરીક્ષામાં ચોરી નથી કરતો કે જે ખટપટ નથી આચરતો તે પ્રામાણિક જ છે. એવું જરાય નથી. એ તો ભાઈસાહેબને મોકો નથી મળતો અથવા તો હિંમત નથી થતી..તેના મનમાં કીડાં તો ઘણા સળવળતા હશે પણ થઈ નહીં શકતુ હોય... ન છૂટકે પ્રામાણિકતા આચરનારા દંભીઓ પણ કંઈ ઓછા નથી પડ્યા આ દુનિયામાં...

''વૈષ્ણવજન તો તેને રે કહીએ,પરસ્ત્રી જેને માત રે..'' વાળી દુનિયા આપણે બદલી નાખી છે. આજે દિકરા કે દિકરીના કેટલાં બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ છે,તેના આધારે તો તેનુ સ્ટેટસ નક્કી થતું હોય છે.

દુનિયા કે સમાજ બદલાયો નથી આપણે બદલાઈ ગયાં છીએ... અહીં શ્રદ્ધાના નામે મૂર્ખતા, વિવેકના નામે કાયરતા અને સફળતાના નામે નીચતા દરેક વ્યક્તિના મોઢા ઉપર ફેવીક્વિકથી લાગેલી છે. એક લાશ બીજી લાશને આ ઘરેડમાં ઢાળવાનું કામ ખૂબીપૂર્વક કરી જાણે છે. આપણે બધાં શાણા દેખાઈએ છીએ પણ ઊંડે-ઊંડે આપણે બધાં 'એબનોર્મલ' છીએ.

હવે ઈમાનદારી ભ્રષ્ટતામાં ખપે છે,પૌરુષપણું નપુંસકતામાં ખપાવાય છે.ઉદારતા વેવલાવેડામાં મર્જ કરી દેવાઈ છે. સાચો પ્રેમ જૂઠ્ઠાણું ગણાવાય છે. બીજાના અહિત વગર આપણુ હિત થવાનું જ નથી, એ સિદ્ધાંતને જ માન્ય રાખીને જૂઠના વરખવાળું સત્ય,અનીતિની ચાસણીવાળી નૈતિકતા,દંભથી લપેટાયેલું મુક્ત હાસ્ય, લાલચથી ભરેલી સહાયતા, ક્રૂર આશયના મહોરાવળી કરુણા આ બધાને જીવનનો જરુરી એવ અસબાબ આપણે મની બેઠા છીએ અને સ્વાર્થ વગરની કરુણા, નૈતિકતા, હાસ્ય એ મૂર્ખનો શણગાર છે,તેવું આપણે માની લીધું છે.

આપણે એટલાં બધાં મ્હોરાઓની અદલાબદલી કરી છે કે, સ્વપરિચય, આત્માનું ભાન જેવું કશું રહ્યું જ નથી અને માટે જ આરંભે એલિઝાબેથ જેનિંગ્ઝની કવિતા મૂકી છે, કે કદાચ વળી આ કવિતાના શબ્દો આપણને ઢંઢોળે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# કપરા સમયમાં વ્યક્તિ 'બોસ' છે કે 'લીડર' એની પ્રતીતિ થાય



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

યુએસ એર ફોર્સના ફેમસ ફાઈટર પાયલોટ ચાર્લી પ્લમ્પની વાત છે. અમેરિકન પ્રજા ચાર્લીને રીયલ હીરો તરીકે ઓળખે છે. એણે ૭૪ જેટલી ઉડાન ભરી એને સોંપવામાં આવેલા વૉર મિશનને સફળતાપૂર્વક પાર પાડ્યા હતા. વિયેટનામ વૉર વખતનો એક કિસ્સો છે. ચાર્લી પ્રત્યેક ઉડાન ભરતા પહેલા એના એર ક્રાફ્ટ મશીનમેન, પેરેશુટ પેકર, ગ્રાઉન્ડ બોય, ફ્લેગ બોય બધા ટીમ મેમ્બર્સ સાથે



પ્રેમપૂર્વક હાથ મિલાવી ખબર અંતર પૂછતો. ચાર્લીએ એના ૭૫માં મિશન માટે ફાઈટર પ્લેનમાં ઉડાન ભરી એ પહેલા એના રોજીંદા ક્રમ અનુસાર બધા ટીમ મેમ્બર્સ સાથે હાથ મિલાવી 'ગુડ જોબલ્ક વીશ કરીને એ સડસડાટ એર ક્રાફ્ટની સીડી ચડી ગયો. ઉડાનની થોડી મિનિટ બાદ જ દુશ્મનોના ગોળા-બારૂદથી ચાર્લીનું ફાઈટર પ્લેન ક્ષતિગ્રસ્ત બની ધરાશયી થવા લાગ્યુ. એણે ઈમરજન્સી ઈજેક્ટ સ્વીસ દબાવી પેરેશુટ ખોલી પોતાની જાતને બચાવી લીધી.

પેરેશુટ દ્વારા ચાર્લી જ્યારે જમીન ઉપર આવ્યો ત્યારે એને ખ્યાલ આવ્યો કે એ તો દુશ્મનોની ધરતી ઉપર લેન્ડ થયો છે. દુશ્મનોની ધરતી ઉપર સલામત રીતે લેન્ડ થયા બાદ સૌથી પહેલા એણે પેરેશૂટ પેકર ટીમ મેમ્બરને મનોમન યાદ કરી એણે પરફેક્ટ રીતે પેરેશૂટ પેક કર્યુ હતુ એટલા માટે એનો આભાર માન્યો. છ વર્ષ સુધી ચાર્લી યુદ્ધ કેદી રહ્યો. કેદમાંથી છૂટ્યા બાદ ચાર્લી વર્ષો બાદ સ્વદેશ પરત ફર્યો ત્યારે પ્રથમ એના પેરેશૂટ પેકીંગ કરતા ટીમ મેમ્બર જવાનને મળવા ગયો અને એને પ્રેમથી ભેટી પડ્યો. ચાર્લી કહે છે કે, મારી ટીમ મેમ્બરના આ પેરેશૂટ પેકર્સે પેરેશૂટ બરાબર ન પેક કર્યુ હોત તો કદાચ એ જીવીત ન હોત. પ્રત્યેક ફતેહ પાછળ ટીમ લીડરનો એપ્રોચ મહત્વનો ભાગ ભજવતો હોય છે. ચાર્લીનો ટીમ મેમ્બર્સ પ્રતિ વ્યવહાર એની સફળતાનો રાઝ છે.

ચતુરાઈ, કુટનીતિ, અનાશક્તિ અને નિષ્પક્ષતાનો ચતુષ્કોણ ટીમ લીડરની કુશાગ્રતાના પાયા છે. હોદ્દામાં સિનિયોરિટી બોસ જરૂર બનાવી દે પણ 'બોસ' કરતા 'લીડર'ની કેપેસિટી સ્વાભાવિક રીતે જ બમણી છે. બોસની એના ધારેલા અને એની સમજના કોચલામાં રહી ટીમ પાસે કામ લેવાની મનોવૃત્તિ હોય છે. જ્યારે પોતાના સેટ માઈન્ડની બહાર આઉટ ઓફ બોક્સ જઈને કામ કરનારો 'બોસ' મટીને 'લીડર' બની જાય છે. પોતાની વિચારશરણી ઉપરની આશક્તિ લીડરને ક્યારેય નથી હોતી.

એક સાદી સમજ એવી છે કે, વિચારથી શબ્દ જન્મે છે. શબ્દ કાર્ય કરવાની પ્રેરણા મળે છે. કાર્ય આદતમાં પરિણમતા હોય છે. અને આદત વ્યક્તિનું ચરિત્ર ઘડતી હોય છે. એટલે જ કહેવાય છે ને કે, જેના વિચાર સારા એનું ચારિત્ર્ય સારું. ઘણીવાર કાર્યનું પરિણામ એટલું સારું ન પણ હોય જેટલી અપેક્ષા હોય પરંતુ આવા સમયે એ ધ્યાન રાખવું જોઈએ કે, એ પરિણામ એટલું ખરાબ પણ નથી હોતું કે આગળ વધી જ ન શકાય. કાર્યને ફળની ઈચ્છા અનુસાર નહીં પણ સાચુ અને સારું કાર્ય કરવાની ભાવના લીડર બનાવે છે. ગીતામાં કહ્યું છે કે, 'કર્મણ્યેવાધિકારસ્તે, મા ફલેશુ કદાચન...' આ સનાતન શ્લોકનો પ્રથમ ભાગ સૌ કોઈ જાણે છે અને માને છે. પરંતુ બીજા ભાગમાં લખેલા 'મા ફલેસુ કદાચન'ને આત્મસાત કરવાનું મોટાભાગના ચૂકી જતા હોય છે.

લીડર એટલે માર્ગદર્શક. લીડરની વર્તણૂંક ટીમ માટે ઉત્તમ માર્ગદર્શક બળ બને છે. શું કહેવામાં આવ્યું એ લોકો ભુલી જશે. શું કર્યું એ પણ લોકો લાંબો સમય યાદ નહીં રાખે. પરંતુ કાર્ય કરતી વખતે ટીમ મેમ્બર સાથેની વર્તણૂંકને લોકો હંમેશા યાદ રાખતા હોય છે. લીડર એના સાથીઓને જ્યાં હોય છે ત્યાંથી એવી જગાએ લઈ જતો હોય છે કે ત્યાં એ લોકો ક્યારેય પહોંચ્યા જ ન હોય. જ્યારે એક પ્રયાસ સાથીઓને સપના જોવા, નવું શીખવા અને વધુ મહેનત કરવા પ્રેરિત કરનારો બની જતો હોય છે ત્યારે એ 'બોસ' મટીને 'લીડર' બને છે.

જ્યાં બધા ચાલ્યા હોય એ સીધો અને સરળ રસ્તો છોડીને જ્યાં માર્ગ જ ન હોય એ દિશામાં ચાલી નવો માર્ગ બનાવવાવાળી વાતમાં લીડરશીપની અસલી ક્વોલીટી છે. જ્યારે મહત્વની અને ગંભીર બાબતો ઉપર ચૂપ રહેવામાં આવે ત્યારે લીડરશીપને લૂણો લાગે છે. એક સાચા લીડરમાં એકલા ઊભા રહેવાની હિંમત હોય છે. ટીમ મેમ્બરની મુશ્કેલીમાં એની પડખે ઊભા રહેવાની નિષ્ઠા હોય છે. કઠોર નિર્ણાયો લેવાની ક્ષમતા હોય છે. રતન ટાટા ઘણીવાર કહે છે કે, 'હું ક્યારેય સાચા નિર્ણય લેવામાં નથી માનતો. હું નિર્ણય લઈને એને સાચો સાબિત કરવાની પરિભાષામાં માનું છું.' જે વ્યક્તિને ખબર છે કે એના સાથીઓની સૌથી વધુ જરૂરિયાત શું છે એ જ વ્યક્તિ સફળ લીડર બની શકે છે. લીડર પાસે સમસ્યાઓના સમાધાનના રસ્તા મળે છે. જ્યારે બોસ સમસ્યાઓની આસપાસ ચક્કરો માર્યા કરતા હોય છે.

એક મહત્વની વાત એ પણ છે કે લીડરમાં નિંદા સાંભળવાની ક્ષમતા હોય છે. એટલે જ એ પરિસ્થિતિનું સમગ્રતયા સુપેરે આકલન કરી શકે છે. જે વ્યક્તિ પાસે નવું શીખવાની તમન્ના છે એ સદાય યુવાન છે. ૨૦ વર્ષના નવયુવક પાસે પણ નવું શીખવાની ધગશ નથી તો એ ૮૦ વર્ષનો બુઢ્ઢો છે. જ્યારે કોઈ મોટા અભિયાન પાર પાડવાનું થાય ત્યારે લીડરશીપ ક્વોલીટીનો બીયોન્ડ કમ્ફર્ટ ઝોનનો મંત્ર કારગત નીવડતો હોય છે. જે વ્યક્તિ કમ્ફર્ટ ઝોન બહાર નીકળે તે પોતે તો આગળ વધે જ છે સાથે ટીમ મેમ્બર્સને પણ ઝંપલાવવા પ્રેરિત કરે છે. લીડર મોટા લક્ષ્યને આસાનીથી પાર પાડવા એને નાના પગલાઓમાં વિભાજીત કરવાની ટેકનિક અપનાવે છે. નાનુ પગલું ઝડપથી ઊઠાવી મોટા લક્ષ્ય સુધી પહોંચવાની દોડ આરંભ કરવાની આસાની રહે છે. દુનિયામાં બે પ્રકારના લોકો હોય છે. એક તો પરિશ્રમ કરી માર્ગ કાઢનારા અને બીજા કોઈની મહેનત ઉપર કીર્તિના કટોરા લઈને ભટકનારા. લીડર પરિશ્રમ કરનારા લોકોની શ્રેણીમાં આવતા હોય છે. તો આગળ વધવું હોય તો વોટ્સએપ ગુરુઓનું પેલુ સૂત્ર હંમેશા યાદ રાખો, 'બી અ લીડર નોટ અ બોસ...'

**ધબકાર :**

**જ્યારે કપરો સમય આવે ત્યારે જ વ્યક્તિ 'બોસ' છે કે 'લીડર' એની પ્રતીતિ થાય.**